વસંત-પ્રભા.

આવૃત્તિ ૧ લી.

છપાવી પ્રસિધ્ધ કરનાર,

મુંબઇ ગુજરાતી નાટક મંડળી.

મુંબઈ:

ધી શમશેર પ્રિન્ટીંગ પ્રેસમાં

શમશુદ્દીન એન્ડ અબદુલરસુલ ગેઆએ

છાપી છે

૨૨૯, અબદુલ રહેમાન સ્ટ્રીટ (બંગરી બજાર)

સને ૧૯૧૦ —:o:— સંવત ૧૯૬૭

કીંમત રૂ૦—૨—૦

પાત્રો.

પુરૂષ પાત્રો.

રાજા.

વસંતસેન……………પાટવી કુંવર

કુમાર……………નાનો કુંવર

સરદાર……………સેનાપતિ. રાજાનો પિતરાઇ ભાઈ.

ડોસો……………રાજ્યનો ખવાસ

લાખો……………તેનો મોટો દીકરો; રાણીનો ખવાસ

નાનો……………ડોસાનો નાનો દીકરો

યોગી પ્રધાન દરબારીઓ સીપાઇઓ.

સ્ત્રી પાત્રો.

મદના……………રાણી. નાના કુંવરની મા

પ્રભા……………વસંતસેનની સ્ત્રી

દાસી……………મદનાની. સરદારનું પ્રેમ પાત્ર

જેઠાણી……………લાખાની વહુ

દેરાણી……………નાનાની વહુ

દાસીઓ, વારાંગનાઓ, વગેરે.

નાટકનો સાર.

———:o:———

અંક ૧ લો

નાન્દી—સૂત્રધાર અને નટી નાટક સંબંધી વાતચિત કરે છે.

પ્રવેશ ૧ લો—કુંવર વસંતસેન તથા તેની સ્ત્રીનો પ્રેમ વિનોદ. વસંતની નવી મા રાણી મદના વસંત ઉપર મોહિત થાય છે. તેને રાજાને નામે પોતાના મહેલમાં તેડાવે છે.

પ્રવેશ ૨ જો—મદના વસંતને કહે છે કે તારી સાથે મારૂં સગપણ થવાનું હતું તે તોડી મને તારા બાપને પરણાવી તે મારા બાપની ભુલ; માટે તું મારી સાથે પ્યાર કર. વસંત તરછોડી ચાલ્યો જાય છે.

પ્રવેશ ૩ જો—વસંત સંસાર તજી જાય છે. પ્રભા સાથે જાય છે.

પ્રવેશ ૪ થો—રાણીનો ખવાસ લાખો તથા તેનો નાનો ભાઈ પોતાના ડોસા બાપને દુઃખ દેછે તેમજ તેમની વહુઓ પણ પીડે છે.

પ્રવેશ ૫ મો—વસંતે જતી વખતે એક પત્ર રાજાને લખેલો; તે પરથી રાજાની રજા લઈ રાણી તેને પાછો બોલાવવા તેની પાછળ જાય છે.

પ્રવેશ ૬ ઠો—વનમાં વસંત-પ્રભા આવે છે. યોગી પાસેથી ઉપદેશ લે છે. મદના આવી વસંતને પકડી જાય છે અને પ્રભાને બાળી નાંખવા જાય છે. યોગી પ્રભાને બચાવી લે છે.

અંક ૨ જો.

પ્રવેશ ૧ લો—પ્રભાની મરજીથી તેને તેના પતિ પાસે યોગી પોતાની યોગ શક્તિથી મોકલે છે.

પ્રવેશ ૨ જો—વસંતને લલચાવવા રાણી વેશ્યાઓને કહે છે પણ તેઓ વસંતના ઉપદેશથી શાંત થઇ જાય છે, એથી રાણી રહીડાય છે. તેનું મન સરદાર તરફ ઢળે છે. પ્રભા સાધુ વેશે આવે છે.

પ્રવેશ ૩ જો—પેટીમાં પથરા ભરી નાખ્યું છે એવો ડોળ ડોસો તથા તેનો દોસ્ત મોતીચંદ કરે છે. તેથી લોભાઇ છોકરાઓ ડોસાની ચાકરી કરવા માંડે છે. પોતાના રૂપીયા બદલ મોતીચંદ પેટી ઉપર દાવો કરે છે તેથી છોકરાઓ પોતાની પાસેના બધા પૈસા આપી પેટી છોડાવે છે. આ બધા રૂપીઆ લઇ ડોસો કાશી ચાલ્યો જાય છે. પછી પેટી ખોલતાં તેમાંથી પથરા નીકળેલા જોઇ છોકરા પસ્તાય છે.

પ્રવેશ ૪ થો--સરદાર રાણી પાસે છુપો આવે છે નાનો કુંવર તે જોઇ જાય છે અને બાપને ચેતવવા જાય છે. સરદાર તેનું ખુન કરે છે. અને રાજાને કહે છે કે તેને વસંતે માર્યો.

પ્રવેશ ૫ મો—પ્રભા વસંતને છોડાવે છે અને જંગલમાં મોકલી દેવા માંડે છે. રાજા આવે છે અને વસંત નિર્દોષ છે એમ સમજે છે. વસંત જાય છે. રાણી વસંતને ઝેર પાવા આવે છે. સરદાર તથા રાણીની વાત સાંભળવાથી રાણી સરદારનાં બધાં પાપ રાજા જાણે છે.

પ્રવેશ ૬ ઠો—રાજાની દવામાં રાણી ઝેર ભેળવે છે. રાજાને મરવાથી પ્રભા વારે છે. રાજા તેને સીસીમાંનું અર્ધું ઝેર તથા પોતાને હાથે લખેલો રાણી સરદારનાં પાપનો હેવાલ આપી મોકલી

દે છે. પછી સરદાર તથા રાણીને તિરસ્કાર આપી તેમના ઉપર વેર લેવા તેમને બલાત્કારે પરણવાની ફરજ પાડે છે અને રાજ્ય સોંપી ઝેર પી મરી જાય છે.

———:o:———

અંક ૩ જો.

પ્રવેશ ૧ લો—સ્ત્રીના મોહમાં ન લપટાવાથી વસંતને અભિમાન આવે છે અને પોતાને સિદ્ધ થઇ ગયો માને છે. ગુરૂ તથા પ્રભા તેને ઠેકાણે લાવવા યુક્તિ રચે છે.

પ્રવેશ ૨ જો—પ્રભા બીજા વેશમાં વસંતને મોહ પમાડે છે.

પ્રવેશ ૩ જો—સરદાર—રાણી પરણીને આવે છે. સરદારને ગાદી મળે છે પણ સત્તા રાણીના હાથમાં છે. રાણી પ્રેમવશ થઇ તે સત્તા સરદારને લખી આપે છે. સરદાર એક દાસી ઉપર પ્રેમ બતાવે છે અને રાણીની દુર્દશા કરે છે.

પ્રવેશ ૪ થો—ગુરૂ વસંતને ગૃહસ્થ ધર્મ પાળવા ઉપદેશ કરે છે અને પ્રભા તથા વસંતને યોગ બળથી રાજ મહેલમાં લઇ જાય છે.

પ્રવેશ ૫ મો—પસ્તાતી રાણીને રાજા તથા કુમારનાં પ્રેત દેખાય છે. પ્રભા આવી ઝેરની સીસી તથા ગુન્હાનો લેખ આપે છે. સરદાર રાણીને દગાથી ઝેર પાય છે અને ઝેર તથા લેખ લઇ લેવા જાય છે. રાણી તેને મારે છે. મરતી રાણીના પશ્ચાતાપથી દયા આઇ યોગીની સાન્નિધ્ય પ્રભા તેને પાતિવ્રત્યનું પુણ્ય આપે છે તેમજ વસંત પોતાનું પુણ્ય રાજા તથા કુમારને આપે છે. તેથી ત્રણેનો ઉદ્ધાર થાય છે. વસંતને રાજ્ય મુગટ પહેરાવાય છે.

આનંદ.

વસંત-પ્રભા.

અંક ૧ લો.

સુત્રધાર— ૧

તવ ચરણુ તાત મંગલ સુખકર.
આરંભે નમી વિનવું ઉમાવર,
ભૂપ કલ્યાણકર કર નજર— તવ૦
દ્યો બુધ્ધિ વિભુ નિરમળ એવી,
ધર્મ નિતીનાં સૂત્રથી ગુંફિત
વિશ્વ વિલાસ ખચિત નાટક શુભ
થાય સર્વ જનને હીતકર— તવ૦

—:0:—

નટી— ૨

નીતિ તણી તજી વાત નાથ,
શીદ અનીતીનું નામ દઇએ?
દેવ મંદીર મૂકીને કેમ,
દુષ્ટના આવાસે જઇએ— નીતિ૦
દૂધ તજીને દારૂ શું પીવો!
રામ ભૂલી કાં કામ સેવો?
કોયલને તજી કાગ પાળી શું હીત થાયે?
પાપનો ન પડછાયો લઇએ— નીતિ૦

—:0:—

નટી— ૩

મૃગનયની યુવતી
રંગીલી હાં છબીલી હાં
શોભતી મધુરી શી શીયળવતી—મૃગ૦
સોળ સજી શણગાર સતી એ
પંથ પિયુનો જોતી
રસ ઝરતાં નયણાં હરખે
રતિ સરખી મન ગમતી, રસીલી—મૃગ૦

——:o:——

સખીઓ— ૪

કેવી ચાંદની આ રંગાણી,
વ્હાલ વધારી, વ્હાલ વધારી,
આલો ઘેલી બની છે આ નાર— કેવી૦
મોહન મળવા ચાલી માનની આ,
શ્વેત વસનથી સજી ભામની આ
શોભે રમણી આ કેવી રસાળી.
ભાળી જો નીહાળી આ નાર— કેવી૦

——:o:——

પ્રભા— ૫

મને રંગભીનો લાલ ગોલાવે.
એજી હાં હું તો સાદ શુણી સુતી જાગી ઉઠી— મને૦
સ્વપ્નને પીંજર પોપટ પીયુને,
પૂરી પઢાવતી ભાવે,
ઉડી ગયો કહીં ? કયાં જઇ છુપાયો ?
હવે કોણ બતાવે ?— મને૦

——:o:——

સખીઓ— ૬

જાઓ વ્હાલાને વેગે વધાવો,
માળ પહેરાવો, ફુલથી છાઓ,
અંગ અંગે ફુલોના વાઘાથી સજાવો— જાઓ૦

વસંત—કુસુમ સમી કાય ત્યાં પુષ્પ સોહાય,
શીયળ સુગંધી સંસારે જો ફેલાય,

પ્રભા—રતિપતિ છો સુગંધી કુસુમોની કુંજે સોહાવો— જાઓ૦

——:o:——

પ્રભા— ૭

પીયુ રસ ઝૂલે ઝૂલો આવો,
જગ રંગ-તરંગે-હાં ભર્યું જગ રંગ તરંગે,
જીવનનો એ છે મીઠો લ્હાવ— પીયુ૦
હું રસભીની વાદલડી ને,
તું રસભાનો નાથ,
યૌવનના મદઘેર્યાં તરંગે,
હીંચીએ જોડી હાથ, બેઉ સાથ— પીયુ૦

——:o:——

પ્રભા— ૮

માનો માનોને રસીલા.
આતો ન સારી વાત,
છેક આમ શું કરોછો,
બોલાવે જાઓ તાત— માનો૦

વસંત—રસીલી પ્રેમપાન અમૃતે જીવાયે,

પ્રભા—હાજી પ્રેમવાત જાણુંછું પીયા,
કટાક્ષે વિંધાઇ કેદી થઇ રહ્યા,
વીતી જાય રાત વાતે નાથ શું ઘેલા—

વસંત— ૯

બોલ માત્ર છે ભાઈ બ્હેન ? શું માતા એવું ઉચ્ચારો !

મદના—જેમ ગમે તેમ કહો ચામની એનો ને શું ઉધારો ?

વસંત—બ્હેન કહી તે બને બાપડી માતા એ શું વિચારો, કુવિચારો !

મદના—નામ ગમે તે લીયો, શેલડીનો રસ લાગે છબે પ્યારો પ્યારો.—
બોલ૦

વસંત—કંદ્ર તજી કાજળ કાં ભુંસો ? ભરો પાપનો ભારો ! હાં ભારો.

મદના—તું શું સમજે ? અમે પંખીડાં પ્રેમ મોતીનો ચરતાં ચારો ચારો
—બોલ૦

———:o:———

વસંત— ૧૦

જરા શરમ રાખ નહિ બન હેવાન.
છેક ન બન મૂઢ વ્યભિચારી,
અરે છોડી દે ન જગલાજ,
માહું માન માન— જરા૦

મદના—તને જોઈને ભૂલીછું સર્વ ગ્નાન હું
દેહનું એ છે મને ન ભાન
દેવું પ્રાણદાન

વસંત—બોલ સાંભળી આ અંતર બળી જાયછે,
જીવવાની આશા રાખે કરી વિષપાન પાન ! જરા૦

———oo———

પ્રભા— ૧૧

ભાળું પ્રેમે ભરેલું.
ગમતે રૂપે વિશ્વ દિસે આ છાવરેલું— ભાળું૦

પ્રેમ બનાવે, પ્રેમ નિભાવે,
પ્રેમને રંગે રંગેલું,
ચેતન જડ સૃષ્ટીમાં વસેલું,
જ્યોતિ પ્રભુનું છે વ્યાપી રહેલું— ભાળું૦

——:o:——

વસંત-પ્રભા— ૧૨

સીતાપતિનું નામ પ્યારૂં
અમને લાગે સારૂં રે— સીતા૦
માયાતણાં સમણાં ઉડી ગયાં હારે
કીધું જગત જુદું ન્યારૂં— અમને૦
સાચા સ્નેહીને આજે ઓળખી લીધા
ઘટમાં થયું અજવાળું— અમને૦

——:o:——

ડોસો— ૧૩

ઘડપણ આવ્યું ભાઇ અરેરે આવું— ઘડ૦
કાન ઉજ્જડ થયા આંખે ન સૂઝે,
ચાલવું લાકડી લઇ— અરેરે૦
દીકરા વહુઓ મ્હાલે મજામાં,
આપણું કોઇએ નહિ— અરેરે૦
ડગલે ને પગલે હીંડતો ખોળું,
હાય જુવાની કયાં ગઇ !

અભા—

૧૪

ખીલી આ વનની શી બહાર— સખે૦

વૃક્ષ વૃક્ષ પર વેલી જાય લળી,

અજબ પ્રેમ અનુસાર— સખે—ખીલી૦

નવિન પુષ્પની મીઠી સુવાસે,

તૃપ્ત પવન સુખકાર,

ક્રાન્તિ શાન્તિ મન થાય જોઇ વન,

જાય હૃદય બલીહાર— સખે—ખીલી૦

——:0:——

અભા—

૧૫

બાળે નરકની જવાળાની માંહ્ય,

પાપ તમારાં તો એ, ન ધોવાય,

એવાં કરમ કરોછો સદાય—હાય —બાળે૦

જાણે મરણ નથી તમ શીર!

આંધળા જાણે થયા જગદીશ!

આ ખુમારી ઉતરી જાશે,

લેખાં લેશે જ્યારે જગનોરાય—હાય —બાળે૦

——:0:——

અંક ૨ જો

પ્રભા— ૧૬

કાળની આ શી ગહન ગતી,
ઘડી એકમાં પલટાવે દશા,
રાયની રંકસમી થાય સ્થિતી— કાળની૦
રાજ વૈભવમાં મ્હાલતા તે,
વન વન થયો વાસ,
તહીંથી અરે વિખુટાં કરે,
સતી ક્યાં ફરે પીયુને સ્મરે,
મુંઝાયછે મતી, પાપી પંજે પડયા પતિ— કાળની૦

———:o:———

વેશ્યાઓ— ૧૭

મદભરી જુવાની યાર,
રસ લેજો લુટી દિલદાર,
અહો દિલદાર—હાં હાં— મદ૦
નાજુક ખીલતી હું ચમેલી,
તું રસીલો ને છબીલો,
ભ્રમર મધુ પીનાર,
અહો પીનાર—હાં હાં— મદ૦

———:o:———

૧૮

વસંત—શ્રી રામચંદ્ર રઘુવીર

શ્રી સીતાપતી, ભજી લેને મન અવસર આવો એજે વહી જશેજી.

વેશ્યા—ખીલી વસંત છેલા, ખીલી જુવાની વ્હાલા

રસીયા રસ પી લેને સુખધામ,

વસંત—ખીલી વસંત નેવી ખીલી ફુલવાડી બાળા

પ્રભુને શણગારી લે મન લ્હાણુ— શ્રી સીતાપતિ૦

વેશ્યા—રમણી રૂપાળી હેતે હૈયે ધરી લે વ્હાલા

પીલે અધરામૃત રસનું પા'

વસંત—નાથના નાથને એ અંતર ધર પ્રીતે બાળા

કરી લેને કાયાનું કલ્યાણ— શ્રી સીતાપતિ૦

———:0:———

ડાસો— ૧૯

રૂપૈયાજી દુનીયાંના સરદાર,

રાજા અને વિદ્વાન નમે વળી શેઠ અને શાહુકાર

લ્યો સલામ સલામ હજારવાર, રૂપૈયાજી—

તારી નજર બને જરી ક્રૂર,

બાઇડી કહે કે જા પીટયા દૂર,

દીકરા કહે તું બાપ નહિ,

આંખની એ ઓળખાણ રહે નહીં લગાર— લ્યો૦

ધાળાંપતીકાં આવે જ્યાં હાથ,

બાયડી કહે કે આ પ્રાણનાથ,

૧૭

દીકરા દોડીને હાથે પાય,
આપો સૌનો દોઢ પ્રભુ તું રૂપૈયા ચાર— સ્ત્રો૦

———:o:———

૨૦

જેઠાણી—નાકની નથની ને કાનની વાળી,
હીરાનાં એરીંગ લઇશ દેરાણી.
દેરાણી—ઝાંઝર ઝમકે ને નેપુર ઠમકે,
બંગડી પહેરવા જઇશ જેઠાણી.
જેઠાણી—નવસરહાર ને ઝુલતી દામણી,
અંબોડે ફુલ હું લઇશ દેરાણી.
દેરાણી—નાતમાં મ્હાલું ને ગામમાં ચાલું,
ડરકતી લ્હાણુ હું લઇશ જેઠાણી.

———:o:———

છોકરો—

૨૧

બાપા તારે માટે રાખ્યું છે આ ઠામ,
થશે જ્યારે ડોસો ત્યારે આવશે એ કામ— બાપા૦
દેતો તારા બાપને આ ઠીબ ભરી છાશ,
પાઇશ તને બાટી ત્યારે હૈયે થાશે હાશ.
તું દેતો ડોસાને ટાઢો બાજરાનો બાટો,
હું તને આપીશ લુખો બંટીનોજ આટો.
રાખતો તું ઘરમાં ને હું રાખીશ છેટો,
તારાથી સવાયો થાઉં તોજ તારો બેટો.
હાં-હાં-હાં-હાં-હાં દઉં હું ન ખોટો દામ—

૨૨

મદના—જાની મીલાવો રસીલા વિના હું દીવાની.

સરદાર—દિલ મારૂં થઇ જાય પાની પાની.

મદના—વાહ ! સાચી મહોબ્બતની નિશાની— જાની૦

સરદાર—પ્યારી તું મારી રસીકા રંગીલી,

હું મહોબ્બતનો ચેલો ઘેલો-કામસેન,

મદના—જોઉં છબીલી છબી તારૂં નેન,

સરદાર—એ તો નીકળી નજરથી ન માગે હવે.

મદના—તારે હું તો વારૂં જાન એ તો જાની તેં તો કરી છે દીવાની —જાની૦

———o———

મદના— ૨૩

કરો નજર મીઠી મુજ પર દયા દિલભરે, ઈશ્વર વિનવું
મુજ ગુન્હા મને સાંભરે જીવ થર થરે, કુંવરજી વિનવું
સાગર સરખાં શીળ તમારાં, તુચ્છ હું માછલી,
દીધું દુઃખ મેં અમાપ, માફ પ્રકટયાનાં પાપ,
કરો માફ જોડું હાથ. પીયા આપ છો ઉદાર— કરો૦

———:o:———

પ્રભા— ૨૪

હો હઠીલા રાણાજી
ન કરો આ વિચાર
એટલી અરજ માનો માનો— હો૦

ધીરા નર નહિ દુઃખથી દબાયે,
જીવન વિફળ ગુમાવે,
હો વિચારો રાણાજી,
શો એમાં લાધે સાર?— એટલી૦

અંક ૩ જો

વસંત— ૨૫

હે મન આનંદ કર,
આજ પુરી ગઇ નજર,
યોગની સંપૂરણ
આવી ચડી નિજ કર— હે મન૦
પદવી પ્રભુના સરખી,
અદ્દભુત શકિત વળી,
માયાને વશ કરી,
નિરભય જગમાં વિચર— હે મન૦

પ્રભા— ૨૬

કાંઇ લાવો પાપીપરે મહેર પિતાજી.
ડુબતી આ દીન રમણી ઉગારો,
ભૂલતીનું ભાન લાવી ગુરૂજી સુધારો બાજી— કાંઇ૦

લુબ્ધ થએલી ઇંદ્રિય નાદે,
કેવળ નરક નિવાસી બિચારી,
કરૂણા કરીને એને બચાવો,
સદા દયામય રહે પ્રભુ રાજી— કાઇં૦

—:0:—

પ્રભા— ૨૭

કેડલો મુકોને મારો કંથ કોડીલારે,
રાખો જરી મરજાદારે, હો રંગીલારે જોગી.
પાલવ છોડો મારો સાહેબાજી શાણારે,
લોકો દેખે ને મરૂં લાજીરે, હોજી રસીલારે જોગી.
સાનમાં સમજો કંઇ, ઝાઝું શું કહીએરે ?
દીલની ચોરી શું જગ જાણેરે ? હોજી છબીલારે જોગી.
પ્રેમ મીઠા કરીને પીજીએ હો જીરે,
આવે ન ટાણે કટાણે રે, હોજી હઠીલારે જોગી.

—:0:—

સરદાર— ૨૮

મહોબત અજબ છે પ્યાની, દીલ બાગ બાગ બહેલાવે,
દુનીયાં બને મસ્તાની, અજબ દીવાની, કોઇ પ્રેમજામ પીવરાવે.
—મહોબત૦

પ્રેમદીવાનાં માનવી, તેમાં છે શી નવાઇ?
ઇશ્વર પણ તરસ્યો ફરે, કોઇ મહોબત શરાબ પાય!
મહોબત સરીખી ચીજ કોઇ બતલાવે— દીલ૦

ઇશ્ક અમારા દેવતા, પ્રેમી અમારાં પ્રાણ,
નજર ફરે દિલદારની, જાન જીગર કુરબાન,
ચોળી મહોબત-ખાખ અલખ જગાવે-- દીલ૦

——:o:——

૨૯

સરદાર—અય પ્યારી બુલબુલ મળી ગુલશનમાં,
દાસી—મારો પ્રીતમ ખેલે છે ચમનમાં— અય૦
સરદાર—કામની કુંદન વરણી,
દાસી—લાલ વરને જાણું પરણી,
સરદાર—હાય કેવી, સાકર ભરી છે વચનમાં— અય૦

——:o:——

પ્રભા— ૩૦

રમી રહી છે મનમાં,
નમણી રમણી. —રમી૦
પરવશ કીધા પ્રાણ છબીલી,
એ રસીલી ને નવેલી,
ભૂલી ન ભુલાએ મનોહારી છબી વદન તણી.—નમણી૦

——:o:——

૩૧

પ્રભા—જાણ્યો જાણ્યો તમારો પ્રેમ
જાઓ શું છળી
વસંત—તારા રૂપમાં ભુલી
મયું દીલડું ગળી— જાણ્યો૦

પ્રભા—જાઓ પિયુ મનભાવતી

પરણો બીજી નાર

જુઠ્ઠાની સાથે જરી

અમને નહિ વહેવાર

વસંત—પરણું હું પ્રેમદા

પ્રભા—રાજી રહીએ સદા

વસંત—(પરણીશ હો ')

પ્રભા—(ભલે)

વસંત—(એમ !)

પ્રભા—(હા.)

વસંત—(સમુરતમ્ શુભ લગ્નમ્ શુભમ્ ભવતુ.)

પ્રભા—(આ શું ?)

વસંત—લગન ગાંઠથી કરી, પરણ્યો બીજી પરી.

વસંત—પ્રેમદા મળી મને પ્રેમદા મળી

———:0:———

સરદાર— ૩૨

અજબ શરાબે ઇશ્ક, જાને જાન પીયો પીયો.

ફરીસ્તાનો પ્યારો શરાબ,

પ્રેમીનો એ ન્યારો શરાબ,

શરાબ શરાબ શરાબે— ઇશ્ક૦

પીયુએ પ્રિતી—બાજ વાવીયું, પાયું પ્રિયા જળધાર,

મ્હોબતની દ્રાક્ષ માઠી મીઠી, થઈ લુમ લાખ હજાર,

પ્યારી પિયુ મળી ખેંચી પીધો અર્ક એ મૂલદાર,

દરકાર નહિ, બસ છો હવે પડતી ગળે તલવાર;

અજબ ગુલાબ ગજબ સવાદ,

મ્હોબત શરાબે— ઇશ્ક૦

સર્વે— ૩૬

આનંદ ફેલાવજો સકળ ઘરઘર— આનંદ૦
મન ધરજો સ્યામનામ સુખધામતણું શરણ,
જન કરે કલ્યાણનાં કામ નિત્ય થાઓ,
નીતિ ધરમ ધામ મુકામ, આ ભૂમિ થાજો કિતિવંતી,—આનંદ૦
અમૃત વરસાવો પુર ઝરમર પાણી ધન તન,
રસકસ પૂરણ જમીન ભરાઓ ફળ ભરથી,
પ્રજા જ્ઞાનવાન યશમાન પામો જગમાં,
ભૂપ દયાથી પાળો પ્રજાને,
શાન્તિ સર્વત્ર છાઓ— આનંદ૦

સમાપ્ત.